# AM/NS - આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ - હજીરા ખાતે વન પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે 'બેટી પઢાઓ' શિષ્યવૃત્તિ એનાયત કરાઈ

## દરિયાકાંઠા વિસ્તારોની ધો.૯ થી ૧૨, આઇટીઆઇ, ડિપ્લોમા, એન્જિનીયરીંગ, એમબીબીએસની ૩૭૭ દીકરીઓને રૂ.૫૦ લાખથી વધુની શિષ્યવૃત્તિ અર્પણ

### ગ્રામ્ય વિસ્તારની દીકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃતિ મળતા શિક્ષણ ક્ષેત્રમાં નવી ઉડાન ભરી શકશેઃ વન મંત્રી મુકેશભાઇ પટેલ

(જનાદેશ પ્રતિનિધિ), સુરતઃ ચોર્યાસી તાલુકાના હજીરા સ્થિત AM/NS- આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ કંપની ખાતે વન પર્યાવરણ રાજ્ય મંત્રીશ્રી મુકેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને AM/NS- ઇન્ડિયા બેટી પઢાઓ કન્યા શિષ્યવૃત્તિ યોજના' હેઠળ દરિયાકાંઠાના હજીરા, મોરા, દામકા, ભટલાઇ, રાજગરી, સુવાલી, ઇચ્છાપોર સહિત ૧૪ ગામની ધો.૯ થી ૧૨, આઇટીઆઇ, ડિપ્લોમા, એન્જિનિયરિંગ, એમબીબીએસ જેવા વિવિધ અભ્યાસક્ષેત્રો અભ્યાસ કરતી ૩૭૭ દીકરીઓને રૂ.૫૦ લાખથી વધુ રકમની શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ દીકરીઓને સશક્ત કરવા અને મહિલા ઉત્કર્ષ માટે સેંકડો વિશેષ પહેલ કરી છે.

રાજ્યમાં દીકરીઓ-મહિલાઓના વિકાસની અનેકવિધ યોજનાઓ અમલી છે. ગુજરાતે હંમેશા સફળ પ્રયાસો, અનુભવો અને કાર્યોમાંથી પ્રેરણા લઇને મહિલા વિકાસ માટે શ્રેષ્ઠ કામગીરી કરવાની કાર્યપદ્ધતિ અપનાવી છે. ગ્રામ્ય વિસ્તારની દીકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃતિ મળતા શિક્ષણ ક્ષેત્રમાં નવી ઉડાન ભરી શકશે. માતા પિતા વિહોણી દીકરીઓ પણ ભણી-ગણી આગળ આવી છે એવા સમાજમાં કેટલાય ઉદાહરણ જોવા મળી રહ્યા છે. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારે દીકરીઓને આગળ વધવા માટે સાતત્યપૂર્ણ પ્રોત્સાહન આપતા રાજ્યની નારીશક્તિ આજે વ્યક્તિગતથી લઇને રાષ્ટ્રીય વિકાસમાં યોગદાન આપી રહી છે. ગુજરાતની દીકરીઓએ વૈશ્વિક સ્તરે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. ડિજિટલ ટેક્નોલોજીને ઝડપભેર અપનાવી નેટ ઝીરો કાર્બન ઉત્સર્જન માટે થઇ રહેલા કાર્યથી દેશ અને દુનિયા માટે આવકાર્ય છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

AM/NS- ઇન્ડિયા કંપનીમાં એકેડમી સ્કીલ ડેવલોપમેન્ટ ટ્રેનિંગ સેન્ટરમાં ૯૦૦થી વધુ કાંઠા વિસ્તારના તાલીમાર્થીઓ તાલીમ લઇ રહ્યા છે, જે સરાહનીય છે એમ જણાવી યુવાનોની અતુલ્ય શક્તિને યોગ્ય દિશામાં વળવામાં આવે તો તે રાષ્ટ્રીય વિકાસ માટે મહત્ત?વનું ઊર્જાબળ પુરવાર થાય છે એવો મત તેમણે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ૨૧મી સદી ભારતની સદી થવા જઇ રહી છે એમ જણાવતા પોલીસ કમિશનરશ્રી અજય તોમરે ઉમેર્યું કે, કોઇપણ સમાજ તેમજ નારીઓનું આગળ વધવું એ દેશ માટે સૌભાગ્યની બાબત છે. ૨૧મી સદી ભારતની સદી થવા જઇ રહી છે. પુરૂષપ્રધાન સમાજમાં મહિલાઓ સાથે અન્યાય થવાના ઘણા કિસ્સાઓ જોવા મળે છે, ત્યારે હજીરાની આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ કંપનીએ ગ્રામ્ય વિસ્તારની ૩૭૭ દીકરીઓની સ્કીલ વધારવા, સશક્ત બનાવવાનું બીડું ઝડપ્યું છે, તે શિક્ષણ ક્ષેત્રે આવકાર્ય પગલું છે. ઇસરોમાં ૧૦૦થી વધુ મહિલા વૈજ્ઞાનિક જવાબદારીપૂર્વક કાર્ય કરી રહી છે. ગુનેગારોને પકડવામાં સુરત સિટી પોલીસમાં કાર્યરત મહિલા પોલીસની પણ મહત્વની ભૂમિકા રહે છે. શિષ્યવૃતિ મેળવીને ભણી ગણી આગળ વધીને હજીરાની આ જ કંપનીઓમાં ટોપ મેનેજમેન્ટમાં કાર્ય કરે તો નવાઇ નહી એવી ટકોર તેમણે કરી હતી.

આ સ્કોલરશીપ વિતરણ પ્રસંગે ધારાસભ્ય સંદીપભાઇ દેસાઇ, ડેપ્યુટી ડાયરેક્ટર કેઇજી કુબોટા, સીએસઆર હેડ ડો.વિકાસ યાદવેન્દુ, એએમએનએસના સીઇઓ દિલિપ ઓમ્મેન, સરપંચશ્રી, અધિકારી-કર્મચારીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકો, શાળાના વિદ્યાર્થીઓ - વાલીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વિજ્ઞાન ગણિત પ્રદર્શનમાં વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી

(જનાદેશ પ્રતિનિધિ), સુરત : જી.સી.ઇ.આર.ટી.,ગાંધીનગર પ્રેરિત અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત આયોજિત સી.આર.સી કક્ષાના વિજ્ઞાન ગણિત પ્રદર્શન માં યુઆરસી ૪ અને સીઆરસી ૩૬ માં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત શ્રી છત્રપતિ શિવાજી મહારાજ પ્રાથમિક શા. ન.૧૪૦, ઈશ્વરપુરા, નવાગામ, ડીંડોલી રોડ, સુરત. શાળાના વિવિધ -યોગો રજુ કરવામાં આવ્યા.

જેમાં વિભાગ ૧ અંતર્ગત ચાલો આયુર્વેદ તરફ વળીએ'.. કૃતિ રજુ કરવામાં આવી હતી.જેમાં બાળ વૈજ્ઞાનિકો ગૌરવ રાવ સાહેબ પાટીલ અને ભાવેશ શરદ પાટીલ દ્વારા આયુર્વેદનો મહત્વ સમજાવવામાં આવ્યું હતું. જેમાં રસોડામાં વપરાતા વિવિધ મરી, મસાલા અને લીલા શાકભાજીનું મહત્વ સમજાવી આયુર્વેદ ઔષધીનું મહત્વ સમજાવવામાં આવ્યું. જેમાં માર્ગદર્શક શિક્ષિકા કવિતાબેન પાટીલ હતા.

વિભાગ ૨ માં શિક્ષક શ્રી પંજાબ રાવ પવાર ના માર્ગદર્શન થી બાળ વૈજ્ઞાનિક જયેશ વિજય પાટીલ અને નિખિલ સંજય પાટીલ દ્વારા ઈલેક્ટ્રીક વિથ સોલર કાર નો પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં ઈલેક્ટ્રીક કાર માં આવતી સમસ્યા દૂર કરી એની સાથે સોલર બેટરી લગાવવામાં આવી હતી. જેથી કાર ને ગમે ત્યારે સોલર બેટરી થી અથવા ઈલેક્ટ્રીક બેટરીથી ચલાવી શકાય.એની સમજ આપવામાં આવી હતી. વિભાગ ૩, એગ્રીકલ્ચરમાં માર્ગદર્શક શિક્ષક શ્રી સતીશ બડગુજર અને બાળ વૈજ્ઞાનિકો કાર્તિક પાટીલ તેમજ અમોલ પાટીલ દ્વારા ફાર્મિંગ કો ઇઝી બનાયે પ્રયોગ અંતર્ગત ઘર,ખેતર કે ગામ માં આવતી સમસ્યાઓ જેવી કે પશુ પક્ષિ કે અજાણી વ્યક્તિ દ્વારા ઘર, ખેતર કે ગામ માં પ્રવેશી ખેતી ના પાક કે ઘર ના સામાન ને નુકસાન પહોંચાડે છે. એનાથી કેવી રીતે સાવધાની રાખીએ એ સમજાવવામાં આવ્યું હતું. જ્યારે વિભાગ ૪ માં કોમ્યુનિકેશન એન્ડ ટ્રાન્સપોર્ટ પ્રયોગ દ્વારા કવિતાબેન પાટીલ ના માર્ગદર્શનથી બાળ વૈજ્ઞાનિકો સાહિલ વાઘ અને આયુષ પાટીલ એ સ્માર્ટ ટ્રેન બનાવી એના માધ્યમથી ટ્રેનમાં આવતી સમસ્યા જેવી કે આગ લાગવી અથવા ટ્રેન સામસામે એક જ પાટા પર આવી જવી. જેવી દુર્ઘટનાઓ કેવી રીતે ટાળી શકાય એનો લાઈવ પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યો હતો. વિભાગ ૫ માં કોમ્પ્યુટેશનલ થીંકિંગ દ્વારા માર્ગદર્શક શિક્ષક શ્રી નિલેશ બનનાપુરે તેમજ બાળ વૈજ્ઞાનિકો મોહિત પાટીલ અને અજય પાટીલ એ સ્માર્ટ ડસ્ટબિન બનાવી હતી. જેમાં સ્વચ્છતા નો મહત્વ મહત્વ સમજાવવામાં આવ્યું હતું અને બાળકો કચરા પેટી નો ઉપયોગ કરતા થાય એ માટે પ્રેરિત કરવામાં આવ્યું હતું. આ તમામ એક્ટિવ મોડ્યુલ હતા. ક્રિયાશીલ હોવાથી તમામ માટે આકર્ષણ નો કેન્દ્ર બન્યા હતા.જેમાંથી વિભાગ ૨ ની ઈલેક્ટ્રીક વિથ સોલર કાર કૃતિ CRC કક્ષા પર વિજેતા થઇ, યુ. આર.સી.કક્ષા પર પહોંચી છે. આચાર્ય શ્રી નુરોદીન શાહ એ તમામ માર્ગદર્શક શિક્ષક અને તમામ બાળ વૈજ્ઞાનિકો ને અભિનંદન પાઠવી શાળા ના તમામ બાળકોને આ પ્રયોગ ની સમજ આપવા હાકલ કરી હતી.

# જાફરાબાદ શહેર દૂષિત પાણીથી લોકો હેરાન પરેશ..

**બાબુભાઈ વાઢેળ જાફરાબાદ** જાફરાબાદ શહેરમાં એકાદ મહિનાથી સતત દૂષિત પાણી આવી રહ્યું છે.. લોકો દ્વારા નગરપાલિકામાં અનેક વાર મૌખિક રજૂઆતો કરવા છતાં યોગ્ય ધ્યાન આપવામાં આવતું નથી તેવું લોકો જણાવી રહ્યા છે પાણી ડહોળું આને દૂષિત આવતા લોકોના આરોગ્યમાં પણ તકલીફ પડે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે લાખો રૂપિયાના ખર્ચ બનાવેલો નગરપાલિકાનો ફિલ્ટર પ્લાન્ટ શોભાના ગાંઠિયા સમાજ હોય તેવું લોકો જણાવી રહ્યા છે નગરપાલિકામાં રજૂઆત કરવામાં આવે તો પાલિકાના અધિકારીઓ દ્વારા ગોળ ગોળ જવાબ આપવામાં આવતા હોય છે સ્થાનિક આગેવાનો દ્વારા ધારાસભ્યને પણ દૂષિત પાણી વિશે રજૂઆત કરવામાં આવી..

# ગિરિમથક સાપુતારા ખાતે બંધ હાલતમાં પડેલ વ્હાઈટ ફેધર રિસોર્ટનાં મકાનમાંથી ડી કમ્પોઝ હાલતમાં અજાણ્યા ઈસમની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે

**સાપુતારા.(પુંડલીક વાઘમારે)** ગિરિમથક સાપુતારા ખાતે બંધ હાલતમાં પડેલ વ્હાઈટ ફેધર રિસોર્ટનાં મકાનમાંથી ડી કમ્પોઝ હાલતમાં અજાણ્યા ઈસમની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા ખાતે -વાસન વિભાગ દ્વારા બનાવવામાં આવેલ વ્હાઈટ ફેધર રિસોર્ટ વિવાદમાં હોવાથી ઘણા સમયથી બંધ હાલતમાં પડી છે.તેવામાં આજરોજ મોડી સાંજનાં અરસામાં સાપુતારાનાં વ્હાઈટ ફેધર રિસોર્ટનાં બંધ મકાન નજીકથી દુર્ગંધ આવતા સ્થાનિકોએ સાપુતારા પોલીસ મથકમાં જાણ કરી હતી.આ બાબતે સાપુતારા પોલીસની ટીમને જાણ થતાની સાથે જ સાપુતારા ટાઉન બીટનાં અ.હે.કો સંજયભાઈ ભોયેની ટીમે સ્થળ પર જઈ તપાસ હાથ ધરતા સ્થળ પર ડીકમ્પોઝ હાલતમાં અજાણ્યા ઈસમની લાશ જોવા મળી હતી.હાલમાં ડી કમ્પોઝ હાલતમાં પડેલ લાશ કોની છે.અને ક્યાંથી આવી જે બાબતે સાપુતારા પોલીસની ટીમે એફ.એસ.એલ વિભાગને જાણ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## વૈશ્વિક બજારમાં તકવુ હોય તો કાપડ પણ વૈશ્વિક બજાર કક્ષાનુ બનાવવું પડશે

# ભવિષ્યમાં ફેશન માટે કયા પ્રકારના કાપડની માંગ રહે છે તેના વિષે સુરતની ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીએ વધુ રિસર્ચ કરવાની જરૂર છેએ વાત પર ભાર મૂકતાંઃ સંદીપ કપૂર

**ખાસ ફરોખભાઈ કેસી રૂવાલા દસ્તુર કુમાર બાવાજી અને અમિષા ફરોખભાઈ રૂવાલા માયાકુમાર ધ્વારા** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના જી એફ આર આર સી (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ટેક્ષ્ટાઈલ પર્વના બીજા દિવસે ટેક્ષ્ટાઈલ નિષ્ણાંત શ્રી રિટેઈલ્સ (દિલ્હી)ના સંદીપ કપૂર, મધુસુદન વિઝના ડિરેક્ટર દીપક મુંદડા અને લુથરા ગૃપના ચેરમેન ગિરિશ લુથરાએ ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરતે હવે સીધું એક્ષ્પોર્ટ કરવા માટેની તૈયારી દર્શાવે છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હાથ ધરાયેલા મિશન ૮૪ પ્રોજેક્ટ અંતર્ગત જે કોઈપણ ઉદ્યોગકારને એક્ષ્પોર્ટ કરવું હોય તેની સંપૂર્ણ મદદ કરવા માટે ચેમ્બર સિસ્ટમ વિકસાવી રહી છે. તેમણે કહ્યું કે, પીએમ મિત્રા પાર્ક સુરતમાં આવી રહયું છે અને તેના કારણે સુરતની ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રી માટે ડાયવર્સિફિકેશન આવવાની સંભાવના છે. સરકાર દ્વારા મલ્ટીનેશનલ કંપનીઓને પણ પીએમ મિત્રા પાર્કમાં જગ્યા ફાળવવાની વાત થઈ છે અને તેઓની સાથે કોલાબોરેશનની પણ સંભાવના છે. ગ્રે કાપડ તો સુરતમાં વૈશ્વિક સ્તરનું બને જ છે પણ હવે પછી વૈશ્વિક માર્કેટમાં ટકવું હોય તો ફિનિશ્ડ કાપડ પણ વૈશ્વિક કક્ષાનું બનાવવું પડશે.શ્રી રિટેઈલ્સ (દિલ્હી)ના સંદીપ કપૂરે જણાવ્યું હતું કે, સ્માર્ટ વર્ક અને સ્કીલ્સથી સુરતના ફેબ્રિકને બ્રાન્ડ બનાવવાનું શકય થશે. ભારતમાં જે રીતે બિઝનેસનું ડેવલપમેન્ટ થઈ રહયું છે તેને જોતા સમગ્ર વિશ્વની નજર ભારત ઉપર છે, આથી ભારતના ઉદ્યોગકારો અને ખાસ કરીને સુરતના ઉદ્યોગકારો માટે અમૂલ્ય તક છે. કારણ કે, સુરતમાં ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીની આખી સપ્લાય ચેઈન ઉપલબ્ધ છે. સુરતમાં યાર્નમાંથી કાપડ બને છે, સુરતમાં કાપડનું પ્રોસેસિંગ પણ થાય છે અને તેમાંથી ગારમેન્ટ પણ બને છે.વધુમાં

તેમણે જણાવ્યું હતું કે, હવે ફેશન માટે ભવિષ્યમાં કયા પ્રકારના કાપડની માંગ રહે છે તેના વિષે સુરતની ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીએ રિસર્ચ અને પ્રિ?પ્લાનીંગ કરવાની જરૂર છે. ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારોએ કાપડમાં મોટી બ્રાન્ડ, ફેશન ડિઝાઈનર અને વિશ્વના બીજા દેશોમાં કાપડમાં ચાલી રહેલા ટ્રેન્ડ વિષે માહિતી મેળવવી પડશે. તેમણે કહયું કે, સુરતના ફેબ્રિકની ભારતની સાથે સાથે વિશ્વમાં પણ એક અલગ ઓળખ છે. સુરતમાં બનતું કપડું માત્ર કાપડ જ નહીં પણ તેની સાથે ભાવનાઓ જોડાયેલી હોય છે, જે કાપડ વેપારીઓની સાથે સાથે ગ્રાહકોને પણ આકર્ષિત કરે છે અને પ્રેમળ લાગણી અનુભવે છે.મધુસૂદન વિઝના ડાયરેક્ટર દીપક મુંદડાએ જણાવ્યું હતું કે, સુરત પાસે સુવર્ણ તક છે કે તેઓ વર્ષ ૨૦૨૭ સુધીમાં ૭ લાખ કરોડ મીટર કાપડ બનાવી તેનું એક્ષ્પોર્ટ વધારી શકે. સુરત, ટેક્ષ્ટાઈલ ક્ષેત્રમાં જીઓ ટેક્ષ્ટાઈલ, ડિફેન્સના ફેબ્રિકસ, કન્સ્ટ્રકશનના ટેક્ષ્ટાઈલ, સ્પોટર??સ ટેક્ષ્ટાઈલ માટે કાપડનું પણ ઉત્પાદન કરી શકે છે.

**એલ&ટી ફાઇનાન્સ લિમિટેડ**
**નોંધણીકૃત કાર્યાલયઃ** 15મો માળ, પી એસ શ્રીજન ટેક પાર્ક, પ્લોટ નં. 52, બ્લોક ડીએન, સેક્ટર V, સોલ્ટ લેક સિટી, કોલકતા 700 091, જિલ્લો 24–પરગણા નોર્થ.
**CIN No.:** U65910WB1993FLC060810
**શાખાનું કાર્યાલયઃ** સુરત

L&T Finance

**મોર્ગેજ થયેલી સંપત્તિના વેચાણ માટે જાહેર હરાજી**

એલ એન્ડ ટી ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઑફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 2002ની 54 હેઠળ અને આ એક્ટ હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને તેના બાકી નાણાં અને આગળ ચઢી રહેલા વ્યાજ, ચાર્જિસ અને ખર્ચાઓ વગેરેની વસૂલાત કરવા માટે **'જાહેર હરાજી'**ના માધ્યમથી અહીં નીચે જણાવેલી સંપત્તિની **'જે જ્યાં છે'** અને **'જે જેવી સ્થિતિમાં છે'**ના આધારે ઈ–હરાજી કરી રહ્યાં છે.

| મૂળ ઋણદારનાં નામ | સરક્ષિત મિલકતનુ સરનામું | | | લોન અકાઉન્ટ નંબર(રો) | પ્રત્યક્ષ લીધેલો કબજો | બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધુ (₹માં) | 12.10.2023ના રોજ કુલ બાકી લેણા | અનામત કિંમત (₹માં) | નિરીક્ષણની તારીખ | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. રાજેશકુમાર આર. ભટ્ટ<br>2. નિતાબેન રાજેશકુમાર ભટ્ટ | જમીનનો ટુકડો અને ખંડ બધાનું સરનામુંઃ પ્લોટ નં. 133 (નવો રી–સર્વે નં. 898) ધરાવતી સંપત્તિ , જેનું માપ 82.22 ચો. મી. થવા જાય છે, જેની સાથે 'શિલાલેખ રેસિડેન્સી'માં રોડ અને સી.ઓ.પી.ની જમીનમાં 11.26નો અવિભાજિત હિસ્સો, જેનું કુલ માપ 93.48 ચો. મી. થવા જાય છે, જે મોજે ગામ ઉંટિયાદરા, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચના બ્લોક નં. 118 ખાતે આવેલ છે, જેનું માપ 15884 ચો. મી. છે. | સીમાઓ | પૂર્વે | પ્લોટ નં. 134 | SRTHL18 002084 and SRTHL18 002230 | 17 સપ્ટેમ્બર, 2023 | ₹. 79,734/– | ₹. 38,96,855.43/– | ₹. 7,97,340/– | 30/10/2023 | 03/11/2023 બપોરે 1 વાગ્યે |
| | | | પશ્ચિમે | પ્લોટ નં. 132 | | | | | | |
| | | | ઉત્તરે | સોસાયટીનો રોડ | | | | | | |
| | | | દક્ષિણે | સી.ઓ.પી. | | | | | | |

**જાહેર હરાજીના નિયમો અને શરતો**

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.E-auctiontiger.net થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્ક્યામત **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજીં ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/ બિડરોએ **02/11/2023** ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્ક્યામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફએલ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર /બિડરે તેની /તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી. /પી.ઓ.ના રૂપમાં ''એલ&ટી ફાઇનાન્સ લિમિટેડ'' ને નામે મુંબઈ ખાતે **03/11/2023** ના રોજ 18.00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **04/11/2023**ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઇનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75 % ખરીદદાર દ્વારા એલ&ટી ફાઇનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ કે વધુ માહિતી માટે હરાજીમાં સંભવિત બોલી લગાવનારાઓ અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે, **'જેમનું નામ છે – પિયુષ પટેલ, એલ એન્ડ ટી ફાઇનાન્સ લિ., ઇન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (આઇટીસી) બિલ્ડિંગ, 800/એ, આઠમો માળ, મજુરા ગેટ, સુરત – 395001 અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલ એન્ડ ટી ફાઇનાન્સ લિ., ઑફિસઃ છઠ્ઠો માળ, બ્રિન્દાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કલિના, સીએસટી રોડ, મર્સીડીઝ શોરૂમની પાસે, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098'.** ઈ–હરાજીના કોઈપણ તબક્કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યાં વગર અને અગાઉથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર બોલી/ઑફરને સ્વીકારી/નકારી/સુધારો–વધારો/રદ કરી શકે છે અથવા તો તેની પાછી ઠેલી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8(6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલએન્ડટી ફાઇનાન્સ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઇનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્ક્યામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

સહી/–
**અધિકૃત અધિકારી**
એલ&ટી ફાઇનાન્સ લિમિટેડ વતી

**તારીખઃ** 14.10.2023
**સ્થળઃ** સુરત

# સંઘપ્રદેશ દમણ શ્રી દમણ જિલ્લા કોળી પટેલ સમાજના સોમનાથ ભવાન પર નવરંગ ગરબા કોમ્પીટીસન રાખવામાં આવ્યું

**(જનાદેશ પ્રતિનિધિ), ઉપેન્દ્ર, દમણઃ** આજરોજ દમણ શ્રી દમણ જિલ્લા કોળી પટેલ સમાજ ના સોમનાથ ભવન ખાતે ચાલતા નવરંગ ગરબા ક્લાસીસ દ્વારા ક્લાસ કોમ્પીટીશન નું આયોજન કરવામાં આવ્યું. શ્રી દમણ જિલ્લા કોળી પટેલ સમાજ દ્વારા છેલ્લા ૫ વર્ષથી નવરંગ ગરબા ક્લાસ નુ આયોજન થઈ રહ્યું છે અને આ પમુ વર્ષ છે દર વર્ષે ખેલૈયાઓ રમઝટ મળી ક્લાસ માં ભાગ લેતા હોય છે આ વખતે ખેલૈયાઓની સંખ્યા ૪૫૦ ની પાર પહોંચી અને કાર્યક્રમની શરૂઆત આરતી દ્વારા કરવામાં આવી હતી અને એ કાર્યક્રમ માં મુખ્ય અતિથિ તરીકે આરતીમાં સમાજના સચિવ જયંતિભાઈ પટેલ અને સમાજના સોશિયલ મીડિયા પ્રભારી ઉપેન્દ્રભાઈ પટેલ હાજર રહ્યા કાર્યક્રમમાં જીતેલા વિજેતાઓને ટ્રોફીઓ અને ઉપહારો દ્વારા સન્માનિત

કરવામાં આવ્યા સાથે જ કાર્યક્રમની શોભા વધારતા શ્રી દમણ જિલ્લા કોળી પટેલ સમાજના ઉપપ્રમુખ ઉમેશભાઈ પણ હાજર રહ્યા તથા, શ્રી દમણ જિલ્લા કોળી પટેલ સમાજના યુવા કોર્ડિનેટર જયેશભાઈ, સહ સેક્રેટરી તનોજભાઈ , પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ નવીનભાઈ, સભ્ય મેહુલભાઈ ઉપસ્થિત રહ્યા અને કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન વિશાલ પટેલ અને મિનલ પટેલ અને પંકજ પટેલ દ્વારા કરવામાં આવ્યું.